NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGF FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

Gujarat State Non-Resident Gujaratis' Foundation

પૂર્વજો અને શૂરવીરોના સ્મારક
પાળિયા

GPSC_Curiosity
અમારી ટેલીગ્રામની ચેનલમાં જોડાવા માટે અહી ક્લિક કરો
Click Here!

પાળિયા અથવા ખાંભી પશ્ચિમ ભારત અને ખાસ કરીને ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જોવા મળતા સ્મારકનો એક પ્રકાર છે. તેઓ મોટે ભાગે મૃત્યુ પામેલી વ્યક્તિઓની યાદમાં હોય છે. પથ્થરનાં આ સ્મારકો પર પ્રતીકો અને શિલાલેખો હોય છે. આ સ્મારકો યોદ્ધાઓ, ખલાસીઓ, સતીઓ, પ્રાણીઓ અને તેમની સાથે સંકળાયેલી લોકકથાઓ અંગે હોય છે. પાળિયાઓ લોકજીવન અને શિલાલેખોના અભ્યાસ માટે મહત્વના છે.

પાળિયા એટલે ?

સંસ્કૃત શબ્દમાં એક શબ્દ છે 'પાલ' જેનો અર્થ થાય 'રક્ષણ કરવું'. ગુજરાતી ભાષામાં 'પાળ'નો અર્થ 'લડતા સૈનિકોનું એક જૂથ' અથવા 'લશ્કર' થાય છે. ગુજરાતી શબ્દ 'પાળ' પરથી પાળિયા શબ્દ આવ્યો છે. જૂના જમાનામાં ગામમાં દુશ્મનો આવે અને ગામની રક્ષા માટે દુશ્મનની સામે પાળ થઈને ઊભો થનાર જ્યારે શહીદ થાય ત્યારે તેની સ્મૃતિમાં જે પણ સ્મારક કે ખાંભી ઊભી કરવામાં આવે તેને પાળિયા કહેવાય છે. શત્રુ સાથેની લડાઈમાં જો શત્રુનો વિજય થાય ત્યારે શત્રુથી પોતાની રક્ષા કરવા સ્ત્રીઓ જૌહર કરે કે સતી થઈ હોય એવી સ્ત્રીઓના પણ પાળિયા બનાવવામાં આવ્યા છે જેને સતીના પાળિયા કહેવાય છે. આવા મૃત્યુસ્મારકોનું ઈતિહાસમાં એક આગવું જ મહત્વ છે અને આ ખૂબ જ રસપ્રદ સંશોધનનો વિષય છે.

પાળિયાની પ્રાચીનતા

લોકજીવનમાં રૂઢ થયેલો પાળિયા શબ્દ 'પાળ' પરથી ઉતરી આવ્યો છે. મૃત સ્વજનો પાછળ પાળિયા મૂકવાની આ પ્રથા ક્યારથી શરૂ થઈ હશે અને તેમાંથી આ પાળિયાના સ્વરૂપનું પ્રથમ પરોઢ ક્યારે પાંગર્યું હશે એ અંગેનો ચોક્કસ ખ્યાલ તો મેળવી શકાય એમ નથી પણ આ પાળિયા, ખાંભી, સ્મારકોનો રિવાજ તો સદીઓ વીંધીને છેક વેદકાળ સુધી પહોંચે છે. વૈદિક કાળ દરમિયાન ઉદ્ભવેલી પરંપરા મુજબ મૃત શરીરના અંતિમ સંસ્કાર કરવામાં આવતા નહોતા પરંતુ તેમને દફનાવવામાં આવતા અથવા નદીમાં પધરાવવામાં આવતા. પુરાતત્વ ખોદકામ દરમિયાન આવા દફન સ્થળ પર નિશાની રૂપે એક પથ્થર શરૂઆતમાં મુકાયેલા મળે છે અને પછીથી થયેલા દફનમાં ગોળાકારે મુકેલા પથ્થરોના સમુહ જોવા મળે છે. પાછળથી આ પ્રથા વિકસીને યષ્ટિ અથવા એક પથ્થરોના સમૂહો જેમાં વ્યક્તિના નામ, સ્થળ અને તારીખો સાથેના શિલાલેખોમાં વિકસી. સમગ્ર ભારતમાં આ પ્રથા વિકસીને વિવિધ સ્મારકો જેવા કે સ્તૂપ, સ્મારક મંદિરો વગેરેમાં પરિવર્તિત થઈ. આ પ્રકારના સ્મારકો સમગ્ર ભારતમાં જોવા મળે છે. તેમાં મોટાભાગે વિવિધ શિલાલેખો, આકૃતિઓ પથ્થર પર કોતરવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં તે પાળિયા અને ખાંભી તરીકે જોવા મળે છે. આવા હજારો સ્મારકો સમગ્ર ગુજરાતમાં, ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના ગામોમાં જોવા મળે છે. સૌથી જૂનાં સ્મારકો ખાવડાના ઔધ ગામમાં જોવા મળ્યા છે જે બીજી સદીના છે. આ પ્રથા ૧૫મી સદીમાં લોકપ્રિય બની અને મોટી સંખ્યામાં પાળિયાઓ બનાવવામાં આવ્યા. કેટલાક આદિવાસી સમાજ હજુ પણ આવા પથ્થરના સ્મારકો તેમની પરંપરા પ્રમાણે બનાવે છે.

VISIT…

પ્રારંભકાળે આ બધા સ્મારકો કાચી માટી કે લાકડામાંથી જ થતા. આજે પણ આદિવાસીઓમાં લાકડાના પાળિયા ઊભા કરવામાં આવે છે. પરંતુ લાકડી અને માટી જલદીથી નાશ પામતા હોવાથી કાળક્રમે આવા પાળિયા કે સ્મારકો પથ્થરમાંથી બનાવવાની પ્રથા ચાલુ થઈ. ગુજરાતના ડાંગ ખાતે આવેલા આદિવાસી વિસ્તારમાં પણ મધ્યયુગીન પાળિયા જોવા મળે છે, પણ હવે આ રિવાજ નામશેષ થઈ ગયો છે. પરંતુ દસમી-બારમી સદીમાં બનેલા આ પાળિયા તે સમયના અદ્ભુત વારસાના પ્રતિક બન્યા છે. ગુજરાતના સૌરાષ્ટ્ર ઉપરાંત પાળિયાની આ પ્રથા રાજસ્થાનમાં પણ એટલી જ જાણીતી છે.

પાળિયાની રચના

પાળિયા મોટાભાગે ગામ અને નગરના પાદરે બાંધવામાં આવે છે. તે યુદ્ધભૂમિ અથવા યોદ્ધાઓના મૃત્યુ સ્થળ નજીક પણ બાંધવામાં આવે છે અને કેટલીક વખત મંદિરો અથવા પૂજાસ્થળોની નજીક બાંધવામાં આવે છે. વીર પુરુષો, શૂરવીરો તેમજ ગુજરાતના અનેક ભૂતકાળના પ્રતિક સમા આ પાળિયા સામાન્ય રીતે મૃતકનું સ્મારક હોવાથી તેનો ઉપરનો ભાગ ચૈત્ય, સ્તૂપ કે ગોળ ઘુમ્મટ જેવો હોય છે.

પાળિયાના પથ્થરોનો દ્રશ્યમાન ભાગ લગભગ બે ફીટ પહોળાઇ અને ત્રણ ફીટ ઉંચાઈ ધરાવે છે. નીચેનો ભાગ જમીનમાં લગભગ દસ ફીટ ઊંડે સુધી મૂકવામાં આવે છે. શરૂઆતના પાળિયાઓમાં ટોચની કિનારી અર્ધવર્તુળાકાર હતી અને પછીના પાળિયાઓમાં તે ત્રિકોણ હોય છે. કોતરવામાં સરળતા પડતી હોવાથી તે મોટાભાગે રેતીયા પથ્થરોના બનેલા હોય છે. ક્યારેક તેમની પર છત્રી અને જવલ્લે મંદિર બાંધવામાં આવે છે. જ્યારે પાળિયાઓ રાજવીકુળ સાથે સંબંધિત હોય છે ત્યારે તેના પર છત્ર બાંધવામાં આવે છે.

આ સ્મારકના ત્રણ ભાગ હોય છે; ટોચનો ભાગ વિવિધ પ્રકારના પ્રતિકો, મધ્યમાં પાળિયો જેના માટે બંધાયો છે તે વ્યક્તિ અને તળિયે લખાણમાં નામ, સ્થળ, ઘટના અને સમય સાથે કેટલીક વધુ માહિતી ધરાવે છે. ટોચ પરના પ્રતીકોમાં હંમેશા શાશ્વત કીર્તિના પ્રતીક રૂપે સૂર્ય અને ચંદ્ર હોય છે. તેનો હેતુ એવો જણાય છે કે આ જગતમાં જ્યાં સુધી સુરજ-ચંદ્ર તપશે ત્યાં સુધી મારનારની કીર્તિ અમર રહેશે. ૧૭મી સદી પછી બાંધવામાં આવેલા પાળિયાઓમાં સ્વસ્તિક અને દીપક અને અન્ય નાના શણગાર પશ્ચાદભૂમાં કરેલ હોય છે. મધ્ય ભાગમાં માનવ આકૃતિ સાથે વિવિધ શસ્ત્રો, બેઠક, ઘોડા જેવા વાહનો, કપડાં અને વસ્તુઓ દર્શાવેલ હોય છે. સૌથી નીચેના ભાગમાં જે તે સમયની ભાષા અને શૈલીમાં લખાણ હોય છે જેમાં જે તે વ્યક્તિ, તેના મરણના સ્થળ, સમય અને સંજોગ વગેરે માહિતી હોય છે.

પાળિયાના પ્રકાર

સૌરાષ્ટ્ર-કચ્છના ગામો, શહેરો, સંગ્રહસ્થાનો વગેરેમાં જે પાળિયા, ખાંભીઓ વગેરે અત્યારે મોજૂદ છે, તેમાં તેની જુદી જુદી ચારથી પાંચ કક્ષાઓ થઈ શકે. આ વિભાગો પાળિયાના કોતરકામ પ્રમાણે ન પાડતાં તેની જુદી જુદી કક્ષા પ્રમાણે, જેમ કે તેના દેવત્વ, વીરત્વ તેમ જ રમૂતિસ્થાપન વગેરે પ્રમાણે પાડતાં આ મુજબ થાય છે :

(૧) શૂરાપૂરા : મેદાનશૂરા કાઠીઓ સૂર્યઉપાસક જાતિના છે. કાઠી લોકો સૌરાષ્ટ્રમાં આવીને વસેલા છે. તે લોકો એટલા તો બળવાન હતા કે તેના આવ્યા પછી સૌરાષ્ટ્રનું નામ 'કાઠિયાવાડ' પડી ગયું. સૌરાષ્ટ્રમાં ઠરીને ઠામ થયા પછી તેઓએ સંપૂર્ણ રીતે દેશી લોકોનો રીતરિવાજ અપનાવી લીધો છે. ગામ, દેશ, અબળા અને ટેકને ખાતર તેઓ સામી છાતીએ લડતા મરાયા છે. તેમના મૃત્યુ પછી તે જ્યાં લડતા કામ આવેલા હોય ત્યાં અથવા મૃત્યુ પામેલાનો આત્મા જ્યાં ફરમાવે ત્યાં, પોતાના ગામને પાદર કે દુશ્મનોના ગામને પાદર, તેનો પાળિયો ખોદાય છે. શૂરવીરતાપૂર્વક લડનાર દરેક રણજોદ્ધો પૂરો શૂરવીર જ છે. આથી કોઠી લોકો પોતાના વડવાઓની જેમ જ બીજા જણની ખાંભી પાળિયાને 'શૂરાપૂરા' નામ આપે છે.

(૨) પાળિયા : સૌરાષ્ટ્રભરમાં ઘણીબધી જાતના લોકો વસે છે. તેમાં ઘણાં શૂરવીર જાતિના પરદેશીઓ પણ આ દેશમાં આવી, રીતરિવાજ અને ધર્મ સ્વીકારીને સૌરાષ્ટ્રી બની ગયા છે. મધ્યકાળમાં ભારતભરમાં રાજકીય અવ્યવસ્થા હતી. તે કાળમાં સૌરાષ્ટ્રમાં ઘણાં નાનાં નાનાં રાજ્યો-ઠકરાતો હતી. રાજાઓ અને ઠાકોરો વચ્ચે ઘણી વાર નાની મોટી લડાઈઓ થતી. જૂના વખતમાં ગામ ઉપર નાના પાળ ચડી આવતા. આ પાળનો એક નાયક રહેતો જે ૪૦થી ૫૦ માણસોની ટોળી રચીને ગામ જીતવા, ભાંગવા, લૂંટવા ચડી જતો. તે કાં તો કોઈ નાની ઠકરાતના ઠાકર હોય અથવા કાંટિયાવરણનો બળુકો ને છાતીકઢો આદમી હોય. પાળ નક્કી કરેલા ગામ ઉપર ત્રાટકી પડતું. જે ગામમાં પાળ ત્રાટકે તે ગામના લોકો પાળથી ડરીને નાસી ન જતા. હાથપડ્યું હથિયાર આવ્યું તે લઈને સામી છાતીએ ગામનું રક્ષણ કરવા, પાળ સામે લડવા ગામને પાદર જતા. તેમાં જુવાન, વૃદ્ધ અને ઘણીવાર તો સાંબેલા લઈને ગામની સ્ત્રીઓ પણ ગામના રક્ષણ માટે ઊભી રહેતી. લગભગ પાદરમાં જ પાળ સામે સૌ ગામલોકો જબ્બર સામનો કરીને લડતા. કાં પાળના આદમીઓને મારીને ગામલોકો ભગાડી મૂકતા અથવા ગામના સૌ શૂરવીરોના પડ્યા પછી જ પાળના લોકો ગામમાં જઈ શકતા અને ગામનો કબજો લેતા કે લૂંટ ચલાવી ચાલ્યા

જતા. આમ, પાળના સામે ગામના લોકો લડતાં ખપી જતા ત્યાં પાદરમાં પાછળથી તેના કુટુંબીઓ તેની શૂરવીરતાની યાદીરૂપે પાળિયો ઊભો કરતા. તેના વંશજો આ પાળિયાને પૂજતા. પાળ સાથે આવેલા માણસો પણ ત્યાં ગામના પાદરમાં મરાતા, તેના કુટુંબીઓ પણ ધિંગાણું થયું હોય તે ગામે આવીને પાળમાં આવેલા અને લડતાં મરેલા તેના માણસોનો પાળિયો તે ગામના પાદરમાં ખોડી જતા. આમ, પાળિયા બંને પક્ષોના ખોડાતા. ગામ લોકો પોતાના ગામનું 'પાલન' કરતાં મરી ગયા હોઈ, તેઓએ પોતાના મૃત્યુ સુધી ગામનું રક્ષણ કર્યું, તે રક્ષણ કરતાં મર્યા હોવાથી રક્ષણ કરનાર, 'પાલન કરનાર', રક્ષકના અર્થમાં 'પાળિયો' શબ્દ વપરાય છે.

યોદ્ધાઓના પાળિયાઓ : આ પ્રકારના સ્મારકો સૌથી સામાન્ય હોય છે જે મોટે ભાગે લડાઇના નાયકોની પૂજા કરતા સમુદાય અને લોકજાતિઓ સાથે સંકળાયેલ હોય છે. તેઓ મર્યાદિત વિસ્તારમાં મોટી સંખ્યામાં મળી આવે છે અને રણ ખાંભી તરીકે ઓળખાય છે. તે યુદ્ધસ્થળ અથવા જ્યાં યોદ્ધા મૃત્યુ પામ્યો હોય ત્યાં બાંધવામાં આવે છે. શરૂઆતમાં આ પાળિયાઓ સમુદાય, સ્ત્રી અથવા પશુધનને બચાવવાના સત્કાર્યોને સન્માનવા બાંધવામાં આવતા હતા અને પછીથી તે યુદ્ધ સાથે સંબંધિત પરંપરા બની ગઈ. આ સ્મારકો મોટે ભાગે યોદ્ધાને હથિયારો જેવા કે તલવાર, ગદા, ધનુષ્ય અને તીર અને પછીના પાળિયાઓમાં બંદૂકો સાથે પણ દર્શાવે છે. આ યોદ્ધાઓ વિવિધ પરિવહનો જેમ કે ઘોડા, ઊંટ, હાથી અને રથ પર હોય છે. ક્યારેક તે પાયદળ સાથે હોય છે. કેટલીક વખત રાજવી ચિહ્નો લઇ જતા અથવા યુદ્ધમાં નગારા વગાડતા લોકોના પાળિયાઓ પણ દર્શાવવામાં આવે છે. કેટલાક પાળિયાને ઝુઝાર (ભસ્તિષ્ક વગરનાં યોદ્ધાઓ) કહે છે. આ સ્મારકોના ઉદાહરણો ભુચર મોરીના પાળિયાઓ અને સોમનાથ મંદિર નજીકના હમીરજી ગોહિલ અને અન્યોના પાળિયાઓ છે.

સતીના પાળિયાઓ : આ સ્મારકો મોટે ભાગે રાજવી પરિવારો સાથે સંકળાયેલા હોય છે. સ્ત્રીઓ જે સતી અથવા જૌહર કરીને મૃત્યુ પામી હોય તેને સમર્પિત આ પાળિયાઓ છે. તે લોકસાહિત્ય સાથે પણ સંબંધિત છે અને તેમની દેવી તરીકે પૂજા થાય છે. આ સ્મારકો મોટે ભાગે જમણી બાજુ ૪૫ કે ૯૦ અંશના ખૂણે વળેલો આશીર્વાદ આપતો જમણો હાથ દર્શાવે છે. ક્યારેક આ સ્મારકો હાથ અને અન્ય પ્રતીકો જેમ કે મોર અને કમળ હોય છે. કેટલાક પાળિયામાં આશીર્વાદ આપતી અથવા નમસ્કાર મુદ્રામાં ઊભેલ સંપૂર્ણ સ્ત્રીની આકૃતિ હોય છે. કેટલાક સ્મારકોમાં એક હાથમાં કમંડળ અને બીજામાં જાપમાળા હોય એવા સ્ત્રીના આકારો હોય છે. કેટલાક સ્મારકોમાં જ્વાળાઓમાં દાખલ થતી સ્ત્રી અને પોતાના પતિના શરીરને ખોળામાં લઇ બેઠેલી હોય તેવી

સતી પ્રથા દર્શાવતી આકૃતિઓ પણ દર્શાવવામાં આવેલ છે. આ સ્મારકોના ઉદાહરણમાં ભુચર મોરીના સુરજકુંવરબાનો સમાવેશ થાય છે.

ખલાસીઓના પાળિયાઓ : ગુજરાત લાંબો દરિયાઇ ઇતિહાસ ધરાવે છે. આ સ્મારકો તેમની સમુદ્ર સફર દરમિયાન મૃત્યુ પામેલા ખલાસીઓની યાદ અપાવે છે. તેમના સ્મારકો પર ક્યારેક જહાજ દર્શાવવામાં આવે છે.

ક્ષેત્રપાળના પાળિયાઓ : ક્ષેત્રપાળ પાળિયાઓ ક્ષેત્રપાળને સમર્પિત હોય છે, જે જમીનના દેવ છે. તે સ્મારક નથી પરંતુ લગભગ સરખો અહોભાવ ધરાવે છે. તેમને સામાન્ય રીતે ખેતરની નજીક અથવા ગામની બહાર મૂકવામાં આવે છે. કેટલીક કોમમાં પૂર્વજોની પૂજા ક્ષેત્રપાળ તરીકે થાય છે. તે જમીન અને પાકનું રક્ષણ કરે છે તેમ માનવામાં આવે છે. આ પાળિયાઓ પર સાપ અથવા કેટલીક વખત માત્ર આંખો રક્ષણના પ્રતીક તરીકે દર્શાવવામાં આવે છે.

(3) ઠેશ :

સૌરાષ્ટ્રમાં ગામેગામના પાદરમાં જુદ્ધ ખેલાણાં છે. તેમાં કંઈક કેટલાય શૂરવીરો કામ આવી ગયા છે. તે સર્વના પાળિયા ગામને પાદર હારબંધ ઊભા છે. તેમાં ઘડેલા અને કંડારેલા પાળિયાની સાથોસાથ ઘણા તો

Join our Telegram Channel

ઘડ્યા વગરના એમ ને એમ અણઘડ પથ્થર ઊભા કરીને માથે સિંદૂર ચોપડેલા પણ જોવા મળે છે. આવી જાતના જે પાળિયા હોય છે તેને 'ઠેશ' કહે છે. તે જમાનામાં લડાઈઓ માત્ર રાજ્ય કે પ્રાંતમાં જ નહોતી થતી. ઘણા એવા ભડવીર નર પણ હતા જે જ્યાં પણ અન્યાય દેખાય ત્યાં ન્યાય માટે લડીને જીવ આપી દેતા. વળી લશ્કર સાથે લડાઈ લડવા માટે પોતાના ગામ કે દેશથી દૂર નીકળી આવેલા શૂરવીરો પરધર્મીઓ કે દેશના જ કોઈ રાજા સામે મેદાનમાં લડતાં લડતાં ત્યાં જ ખપી જતા. તેનો દેશ, ઘરબાર તો આઘાં રહેતા, તેથી ભૂવા દ્વારા રજા મેળવીને મારનારનો પાળિયો પોતાના ગામને પાદર ઘડાવી કંડારાવીને ખોડતાં. રણજોદ્ધો જે જગ્યાએ મૃત્યુ પામે તેની સ્મૃતિ પણ તેના કુટુંબીઓ રાખે છે. તે સ્થળે ગમે તેવો પણ ઉપરથી અણિયાળો અણઘડ પથ્થર ગોઠવીને તેની ઉપર સિંદૂર ચોપડી દે છે. આ થયું મૃત્યુ પામનારનું. તે જ્યાં મેદાનમાં પડ્યો તેનું સ્મૃતિસ્થળ. તેના નામનો પથ્થર ઊભો કર્યો, તે પેલા મરનારના નામની 'ઠેશ'. 'ઠેશ' બેસાડવાનું કારણ વ્યવહારિક પણ છે. ઘણાં લોકો પોતાની સામાન્ય સ્થિતિને કારણે પાળિયો કે ખાંભી ન કંડારાવી શકે તે પણ 'ઠેશ' બેસાડે છે. પણ આવું તો જવલ્લે જ બને છે. માથે દેવું કરીનેય લોકો ખાંભી તો કંડારાવે જ છે. બીજું કારણ તે ગામથી ખૂબ દૂર મર્યો હોવાથી તેના કુટુંબીઓ દર વર્ષે તેને નાળિયેર વધેરવા કે નૈવેદ્ય ઝારવા જઈ શકતા નથી, તેથી પણ માત્ર ત્યાં સ્મૃતિરૂપે પથ્થરની 'ઠેશ' બેસાડીને મરનારની મૃત્યુભૂમિની યાદી રાખે છે. લગ્ન પછી વરઘોડિયાં કે કુટુંબના પ્રથમ પુત્રના જન્મ પછી ત્યાં પગે લાગવા જવું પડે છે. બાકી તો દર વરસના નૈવેદ્ય તેના ગામને પાદર જે ઘડેલો પાળિયો ખોડ્યો હોય તેને ઝારે છે.

(૪) ખાંભી

ખાંભીનો અર્થ ગામલોકો ઘડેલી ને કોતરેલી શિલાપાટ, થંભ અને અમુક રીતે કોતરેલી મૂર્તિઓ એવો કરે છે. લગભગ દેવસ્થાનની મૂર્તિ સિવાયની દરેક જાતની કોતેરેલી શિલાપાટ કે થાંભલો, ખૂંટો વગેરેને તેઓ ખાંભી કહે છે પછી ભલે માત્ર તે શિલાલેખ હોય કે દાનપત્ર કે આજ્ઞાપત્ર હોય. આ ખાંભી શબ્દ મૂળ સંસ્કૃત સ્તમ્ભ સ્તમ્ભ પરથી 'ખાંભી' થઈ ગયો હશે તેમ લાગે છે. ખાંભીના એટલે લંબચોરસ લખાણવાળી શિલાલાટ, ગોળ થાંભલો, સ્મૃતિ, સ્તંભ, આજ્ઞાપત્ર બાબતમાં કોતરેલું કે કંડારેલું શિલ્પ પણ હોય છે. ઘણીવાર પાળેલા પશુઓએ માનવતાભર્યાં તેમજ બહાદુરીના કામો કર્યાં હોય તેની યાદમાં તેની પાછળ તેના પ્રતીક સાથે ખાંભી ઊભી કરેલી હોય છે. તળાજા પાસેના સાખડાસરમાં નિમકહલાલ કૂતરાની આવી ખાંભી છે. જેમાં તેના એક પગના પંજાનું પ્રતીક કંડારેલું છે. ખાંભીનું ને પાળિયાનું બાહ્ય સામ્ય સરખું હોવાથી લોકો ઘણી વાર 'ખાંભી' કે 'પાળિયા' એવો ભેદ જુદો ન કરતાં, આવી જાતની શિલાપાટને ખાંભી કે પાળિયો કહે છે. પણ ખાંભીને પાળિયામાં ભેદ છે જ. પાળિયો મરેલા વીરની સ્મૃત્તિરૂપે છે, જ્યારે ખાંભીમાં તો દાનપત્ર, આજ્ઞાપત્ર, પશુ, નાગ વગેરેનો સમાવેશ થાય છે.

(૫) સૂરધન

બધા જ ક્ષત્રિયો કે બીજા વર્ણના લોકો કાંઈ લડાઈમાં ખપી જઈને શૂરવીરતાભર્યા મૃત્યુને વરતા નથી અને હવે તો એવી હાથોહાથની લડાઈ ક્યાં છે? જમાનો બદલાયો છે, છતાં ખાંભીઓ તો ગામડામાં ખોડાયેલી દેખાશે. આ બધી ખાંભીઓને 'સૂરધન' કહે છે. આ ખાંભીઓ અકસ્માત, આપઘાત, ખૂન કે અકુદરતી રીતે માણસ મરે તેની છે. માણસ આ રીતે મરે તેથી પ્રેતયોનિમાં જાય છે, તેનો જીવ વલખાં મારે છે, કારણ કે અકુદરતી મૃત્યુ થવાથી તેની વાસનાઓ રહી ગઈ હોય છે અને તેથી તેની અવગતિ થઈ હોય તો પાછળ રહેલા કુટુંબીઓમાંથી કોઈને કનડે નહીં તે માટે મરનારની ખાંભી ઘડાવી તેને સૂરધન તરીકે બેસાડે છે. ઉચ્ચ વર્ણમાં પણ સૂરધન પૂજાય છે. સાધુમાં કોઈ મરે ત્યારે તેની સમાધિ ઉપર ખાંભી કોઈક ખોડે છે, તેમાં પલાંઠી મારીને, સમાધિ ચડાવીને બેઠેલો હોય તેવું પ્રતીકચિત્ર કંડારે છે. આવી સમાધિનો ખાંભો આખલોળમાં જોવા મળે છે.

પતિ જીવતો હોય ને સ્ત્રી કમોતે કે અકસ્માતે મરે તો ઘણી જ્ઞાતિમાં તેની ખાંભી ખોડાય છે. તેને 'શિકોતર'ની ખાંભી કહે છે.

સૌરાષ્ટ્રની સૌ જ્ઞાતિના લોકોને પોતપોતાની કુળદેવીઓ હોય છે. તે દેવીનો કુટુંબદીઠ એક ભૂવો હોય છે. તેને માતાનો 'પોઠિયો' કહે છે. તે પોઠિયો મરે ત્યારે તેને સમેતીને માતાના મઢમાં બેસાડાય છે. તેની પણ ચૈત્ય-સ્તૂપ આકારની ખાંભી બનાવાય છે. તે માત્ર ચાંદીની જ બનાવવામાં આવે છે. તેમાં કશુંય પ્રતીક નથી હોતું. તેને 'ફડેલું' કહે છે. એક ભૂવાનું ફડેલું માતાના મઢમાં સો વર્ષ સુધી રખાય છે. પછી તે ફડેલાને દરિયા કે કૂવામાં પધરાવી દેવાય છે.

ક્યા સ્થળે કોના પાળિયા છે

વેરાવળના ભાલકા તીર્થમાં હજારો વર્ષથી શ્રીકૃષ્ણની ખાંભી છે, ઝાલાવાડના આંબરડીમાં અણનમ માથાંની ૧૨ ખાંભી, ગીરના જંગલ તેમજ ભાણવડના ભૂતવડમાં વીર માંગડાવાળાની ખાંભી અને સતી પદ્માનો પાળિયો, મેવાસા-કાલાવડમાં રાખાઇશ બારિયાનો પાળિયો, બરડાના ડુંગરની ઘુમલી પાસે સતી સોનાનો ૮૦૦ વર્ષ પહેલાંનો પાળિયો, બરડા પ્રદેશમાં મહેર બહારવટિયા અને નાના મોઢવાડિયાની ખાંભી, થાન-જામનગરમાં જેઠવાઓના પાળિયા, ચોટીલામાં ચારણના અને ગઢના દરવાજે પરમારોની ખાંભી જમીનમાં દટાયેલી છે. લાલાવદરમાં ભડવીર ભૂદેવના પાળિયા, માળિયા હાટીનાના કનરા ડુંગર ઉપર મૈયાઓની ખાંભી, બગસરામાં જૂનાગઢના રાજવી રામાંડલિકનો, પોરબંદરના કાટવાણા ગામે ખાંટ ભાઇ-બહેનના પાળિયા, મુંદ્રામાં ગૌધનની વહારે ખપી જનાર વીર શિળુભાનો પાળિયો, સોમનાથ મંદિરે હમીરજી ગોહિલનો પાળિયો, કેશોદના કેવયા ગામે કૂતરીની ખાંભી પણ છે. બાલાગામ, વિરમગામના માંડલ ગામે સતી દેવલદેનો, જસદણ પાસે લાખા ગારદીનો ટીંબો, કોડીનારના બોડીદાર ગામે રા'નવઘણનો, વઢવાણમાં રાણકદેવનો, જેતપુરમાં નાગબાઇના, ધોલમાં ભૂચર મોરીના યુધ્ધમાં મોગલ સૂબાના સૈન્ય સામે લડીને ફૂલધારે ઉતરેલા જમી અજાજીના પાંચ સાથીદારના પાળિયા છે.

વીરોની સ્મૃતિ માટે ગુજરાતના ગામડે ગામડે ઊભા કરેલા પાળિયા લોકજીવનની અસંખ્ય ઘટનાઓને પોતાના અંતરમાં સંઘરીને બેઠા છે. એક એક પાળિયો એક એક લોકકથા આપે છે જે ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસ માટે અતિ કીમતી સામગ્રી પૂરી પાડે છે. પાળિયાઓના અભ્યાસ દ્વારા જનશ્રુતિમાંથી ઇતિહાસનું એક સત્ય તારવી શકાય છે. મુશ્કેલીઓ સામે ધર્મને સાચવવા શૌર્ય દાખવી ખપી જનાર વ્યક્તિઓની પ્રતીતિ એટલે પાળિયા. આ પાળિયા આદિકાળથી ઇતિહાસ, સંસ્કૃતિ અને લોકજીવનના ધારકો બનીને રહ્યા છે.

(Sources & Photo Courtesy : http://bombaysamachar.com, http://amarsheebaraiya.blogspot.com, www.divyabhaskar.co.in, https://yashagathagujaratni.com, https://upload.wikimedia.org, http://satisura.in, https://www.tripsavvy.com, http://cdn.simplesite.com, https://i.ytimg.com)

GPSC_Curiosity

આવી અન્ય માહિતીઓ નિયમિત પણે મેળવવા માટે અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાઈ જાઓ. જોડાવવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો

Join Our Telegram Channel

OUR EXAM ADDA

www.OurExamAdda.in